સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

થશે અપહરણ જાહેર પજવણી નહીં કરે !
'રાજસભા-ભવાઈ' જાહેર ભજવણી નહીં કરે !
'લવજણી' થઈ લાગશે મેસ મોઢે, જાહેર વેંચાણે -
નેતાઓ કોરોનામાં, જાહેર ઉજવણી નહીં કરે !

હાઈકુ

ખેલાસે હોળી -
ખરીદ-વેંચાણની -
અંદર ખાને...

જૂથબંધીની,
પ્રકટી હુતાશણી -
બધા પક્ષમાં...

ચિંતન

ધનાર્થિનાં યથા નાસ્તિ, શીતતાપાદિ દુઃસહમ્ ।
તથા ભવવિરક્તાનાં, તત્વનાર્થિનામપિ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસારમાંથી લેવામાં આવેલ છે.

ધન મેળવવાના ઈચ્છુક જીવને જેમ ઠંડી, ગરમી, કીચડ આદિ સહન કરવામાં દુઃખ નથી લાગતું તેમ સંસારથી વૈરાગ્ય પામેલા એવા તત્ત્વજ્ઞાનના - તાત્ત્વિક જ્ઞાનના ઈચ્છુક આત્માર્થીઓને પણ ઠંડી,ગરમી, લોચ, વિહાર આદિ સહન કરવામાં દુઃખની અનુભૂતિ નથી થતી.

ધન-ભૌતિક સુખો અને વાસનાઓની ભુક્તિ માટે ઈચ્છૂક લોકો કોઈ પણ માર્ગ અપનાવે એમાં એમને શરમ આવતી નથી કે પ્રાકૃતિક પીડાનો અનુભવ થતો નથી.

એવી જરીતે જેણે આધ્યાત્મિક માર્ગ સ્વીકારીને મક્કમ થયા છે અને દૃઢ છે એમને પણ કોઈની શરમ નડતી નથી અને પર્યાવરણીય પીડાઓ નડતી નથી.

સુવિચાર

- કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ઉપર જેનો કાબૂ નથી, તે શ્રેષ્ઠ 'ગુલામ' છે - **જીવન પાયેચ**
- સત્યનું ધર્મનું, સતત અભ્યાસથી વિદ્યાનું,
  સાદગી અને સુઘડતાથી સૌંદર્યનું અને સદ્‌ગુણોથી કુળનું રક્ષણ થાય છે - **નીતિશતક**
- અધર્મથી હજી સુધી કોઈને સિદ્ધિ મળ્યાનું સાંભળ્યું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- તક તો દરેક માણસની જિંદગીમાં આવે છે,
  પરંતુ બહુ ઓછા લોકોને તેનો ખ્યાલ આવે છે - **ડો. વીજળીવાળા**
- જીને લગો, તો કરના ફૂલ જિંદગી કે હવાલે, જાને લગો, તો કરના બીજ ધરતી કે હવાલે - **અમૃતા પ્રિતમ**
- સ્વતંત્રતાથી પણ વધુ શક્તિશાળી એક શબ્દ છે અને તે છે 'અંતઃકરણ' - **સેમ્યુઅલ બાર્ટન**
- આજનું ઔષધ : કેળા સાથે એલોવિરાનો ગર મેળવી સરખી મિક્સિંગથી પેસ્ટ બનાવી તે માથામાં લગાડવી. એક કલાક પછી વાળ ધોઈ નાખવાથી, વાળનો જથ્થો વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લા નસરૂદ્દીનનો મિત્રએ મુલ્લાને કહ્યું, 'મારે ઉછીના પૈસા જોઈએ છે.' મુલ્લાએ જવાબમાં કહ્યું, 'મારી પાસે પૈસા છે પણ હું તને આપીશ નહીં, એ માટે તું મારો આભાર માન.' મિત્રએ ગુસ્સામાં કહ્યું, 'તું મને પૈસા ન આપે તો કંઈ વાંધો નથી પણ એના માટે મારે તારા આભારી શા માટે થવું જોઈએ? આ તો પૈસા નહીં આપી અને વળી મારું અપમાન કેમ કર્યું?' મુલ્લાએ મિત્રને શાંત પાડતા કહ્યું, 'અરે ભાઈ, તું એક વાત સમજ, તેં પૈસા માગ્યા ત્યારે હું તને આવતીકાલનો વાયદો પણ કરી શક્યો હોત. તું આવતીકાલે આવત ત્યારે કદાચ મેં તને કહ્યું હોત માફ કરજે દોસ્ત, આજે પૈસા નહીં આપી શકું, એમ કર પછી આવજે. એ પછી તું જયારે આવત ત્યારે મેં તને કહ્યું હોત, આવતા અઠવાડિયે આવજે. આમ વાયદા કરી કરીને તને થકવી દેત. છેવટે તું મારી પાસે આવતો બંધ થઈ ગયો હોત. પરંતુ મારા વાયદાના ભરોસે બીજા પાસે ઉછીના પૈસા આપવાની શરુઆતમાં જ ચોખ્ખી ના પાડી, જેથી તું બીજી જગ્યાએ તરત જ પ્રયત્ન કરી શકે... બસ, આ બાત માટે જ તારે મારો આભાર માનવો જોઈએ...' સાર એટલો છે કે એકબીજા સાથેના વ્યવહારમાં જેટલી પારદર્શિતા હોય તેટલું વધારે સારું, ખોટા વાયદા કરવાને બદલે સીધો ઈન્કાર કરવાથી સામેવાળી વ્યક્તિમાં વ્યર્થ આશા જમાવવાનું ટાળી જ શકાય છે.

કોરોનાગ્રસ્ત ધુળેટી સાવ ફિક્કી

તંત્રીસ્થાનેથી...

સૈકાઓ ખંખોળતા ન મળે એવી હોળી-ધુળેટી આ વર્ષે ઊજવવી પડી છે. સુભાષિતકાર કહે છે : ઉત્સવ પ્રિયાઃ ખલુ જના : । લોકમાનસ ઉત્સવથી તરબતર રહે છે તે રહસ્ય રાજકારણીઓ પણ જાણતા હોય છે. એટલે તેઓ વારંવાર અવનવાં આયોજનો કરી પ્રજાને ઘેનમાં નાખતા રહે છે. પરંતુ કયારેક કુદરત રૂઠે ત્યારે એમની પોલ ખૂલી જતી હોય છે. એમને બતાવેલી આમલીપીપળી એક બાજુ રહી જાય છે અને કોઈ મોટી બેન્ક રાતોરાત રાતાં પાણીએ નવડાવી ઊઠી જાય છે. કયાંક કોરોનાની નવી આવૃત્તિ શરૂ થાય છે અને આખી દુનિયા ધ્રૂજી ઊઠે છે. આશ્ચર્ય લાગે, પરંતુ વિજ્ઞાન જે કહેતું હોય તે માનવું પડે. ડૉ. વિશ્વરુપ રાયચૌધરી છાતી ઠોકીને કહે તો પણ એમની વાતનો વિશ્વાસ ન બેસે - એ કહે છે : દવા કંપનીઓ એમની નવી દવાઓના માર્કેટિંગ માટે નિત્યનવાં ગતકડાં કઢાવતી રહે છે. એમના પાળેલા કૂતરા જેવા તજજ્ઞો લેબોરેટરીઓમાં સંશોધનો કરતા રહે છે અને દુનિયાને 'હાઉ' બતાવી અધ્ધર જીવે રાખતા રહે છે. જે હોયતે. અત્યારે તો એકલદોકલ કોરોના પોઝિટિવ કેસ નીકળે કે આભ ફાટી જશે એવી દહેશત શરૂ થઈ જાય છે. દેશોએ સીમાડા સીલ કર્યા છે, હવાઈ અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે. દુનિયા આખી બાનમાં પકડાઈ ગઈ છે અને ઉત્સવમય વાતાવરણ રફેદફે થઈ ગયું છે. ભારત માટે દિવાળી અને હોળી બેઉ સરખું મહત્ત્વ ધરાવતા તહેવારો છે. સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાક દિન કે ગાંધીજયંતિ જેવા રાષ્ટ્રીય તહેવારો એમની સામે કયાંક વિસાતમાં નથી. લોકોત્સવો પર તરાપ મારતી ઘટનાઓ બને ત્યારે તે શોકોત્સવ બની રહે છે. હોલિકોત્સવ એ ભારતનો વસંતોત્સવ છે. સવિશેષ ઉત્તર ભારતમાં હોળીનો ઉત્સવ દિવસો લગી મનાવાતો રહ્યો છે. એ ઉત્સવ પર સરકારના આદેશ કે સલાહ છતાં પ્રજાનો ઉત્સાહ મંદ ન જ પડે, પરંતુ મોતનો ભય માથા પરથી ઝળૂંબી રહ્યો હોય ત્યારે આપોઆપ પરિસ્થિતિ બદલાઈ જાય. કોરોના કાંડમાં આવી પરિસ્થિતિ બહુ જલદી સરજાઈ છે કારણ કે અત્યારે તમામ લોકો પાસે મોબાઈલ છે અને દુનિયાના કોઈ પણ ખૂણે બનતી ઘટનાના વાવડ ગણતરીની મિનિટોમાં ફેલાઈ જતા હોય છે. કોવિડ નોવલ વાઈરસના વાવડ ફેલાતાં વાર ન લાગી એનું કારણ આ ટેકનોલોજી છે. ચીન જેવા બંધિયાર દેશને દુનિયાભરમાં વગોવાવાનું થોડું ગમે ? પણ એનાં લાખ હવાતિયાં છતાં આ નાનટકાં વાઈરસે એની અને આખી દુનિયાની ઈકોનોમી જોખમમાં મૂકી દીધી છે. એની ભારતના રાષ્ટ્રપતિથી લઈ સામાન્ય નાગરિકની રંગીલી હોળી વણસી ચૂકી છે. છતાં બધાને 'હોળી મુબારક' ના સંદેશ તો મળતા જ રહેશે, ભલે ને સંજોગાવસાત અત્યારે રંગમાં ભંગ પડ્યો હોય.

સેવાની પ્રવૃત્તિ જયાં અને જયારે થાય ત્યાં કરુણાના દીવડા પ્રગટે છે અને સેવાના અજવાળાં રેલાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

આંખ શરીરની એક એવી ઈન્દ્રિય છે, જે કામ કરતી હોય ત્યારે આખુંયે જગત સોહામણું લાગે છે અને કોઈ કારણસર એમાં રૂકાવટ આવે ત્યારે અપાર મુશ્કેલીઓ સર્જાય છે. ફુલું-ચક્ષું પ્રત્યારોપણ જેવા રોગો અને સારવાર તથા તેની સાથે જોડાયેલા ખર્ચાઓ ગરીબ વર્ગના લોકો માટે મોટી મુશ્કેલરુપ બનતા હોય છે. આવા સંજોગોમાં સખાવતી દાતાઓ દ્વારા ચલાવવામાં આવતી અને વિનામૂલ્યે કે સાવ ટોકન દરે સારવાર આપતી હોસ્પિટલો દર્દીઓ માટે આશીર્વાદ આપતી હોસ્પિટલો દર્દીઓ માટે આશીર્વાદરુપ બને છે. આવી જ એક દાયકાઓ જુની હોસ્ટિપલ વીરનગરની શિવાનંદ મિશનની હોસ્પિટલ જેની સાથે જોડાયું છે એક નામ.

આ વ્યક્તિ ડૉ. અધ્વદ્વંજી. એમનો ૧૮ જન્મ ડિસેમ્બર ૧૯૦૬માં ગામ અનિડાય (તા. ગોંડલ) માં થયો. ૪૨ વર્ષો સુધી વીરનગરમાં રહીને સેવાની ધૂણી ધખાવી. ૨૨ ઓકટોબર ૧૯૯૮માં તેઓ બ્રહ્મલીન થયા એ પછી આજે પણ શિવાનંદ મિશન વીરનગર - રાજકોટની હોસ્પિટલ એના સેવા માટે સમર્પિત ટ્રસ્ટીઓની શુભ કાર્યો કરવાની અને દર્દીઓની સેવા કરવાની ભાવનાને કારણે સતત કાર્યરત છે.

વાત છે ૧૯૫૬ની, પૂજ્ય સ્વામી શિવાનંદ સરસ્વતીના આશીર્વાદ અને પ્રેરણાથી ડૉ. અધ્વદ્વંજી વીરનગર આવ્યા અને અંધત્વ નિવારણનું કાર્ય શરુ થયું. સમાજમાં મોટા પ્રમાણમાં અંધત્વનું પ્રમાણ અને સામે હોસ્પિટલમાં ટાંચા સાધનો... સ્વાભાવિક છે કે દર્દીઓની સેવાનું કામ મુશ્કેલ હતું. ઉકેલ રુપે ડૉ. અધ્વદ્વંજી, જેમને બધા બાપુજી તરીકે વધુ જાણએ છે, તેઓએ ગ્રામ્ય વિસ્તારોમાં જઈને નેત્રયજ્ઞો શરુ કર્યા. નાના ગામડાના લોકોને માટે જાણે આખી હોસ્પિટલ ઘર આંગણે આવતી થઈ... નેત્રયજ્ઞોની લોકપ્રિયતા વધી ગઈ... દર્દીઓને અપાતી સુવિધા પણ વધતી ગઈ. ગરીબ, અસહાય, અભણ હોય કે પછી શિક્ષિત સમાજના હોય, બધાની સેવા એકસરખી થતી હતી.

આવું એક બે નહિં ત્રણ દાયકા ચાલ્યું. એ પછી ૧૯૮૭થી શરુઆત થઈ સ્ક્રીનીંગ કેમ્પોની. સ્ક્રીનીંગ કેમ્પોમાં દર્દીઓની તપાસ થાય, સારવાર પમ ગામમાં જ થાય અને જેને જરૂર જણાય તે દર્દીઓને વીરનગર હોસ્પિટલમાં લઈ જવામાં આવે. ઓપરેશન પછી ત્રણ દિવસે દરદીને પાછો મોકલવામાં આવે. દરદીને એના સગા સાથે આવવા-જવાનું, દવા, નેત્રમણી સાથે ઓપરેશન અને જમવાનું... બધું જ વિનામૂયે -સન્માન સાથે -સેવાના ભાવથી અપાય.

સમય વીત્યો અને આજે વીરનગરમાં અત્યંત આધુનિક સુવિધાઓ સાથેની હોસ્પિટલ કાર્યરત છે. રાજકોટ-શિહોર-સાવરકુંડલા-વાંકાનેર તથા ઉનામાં પણ હોસ્પિટલોની શરુઆત થઈ.

સાધુ સંતોના - દર્દીનારાયણના - પ્રજાના તથા દાતાઓના પ્રેમના કારણે - આશીર્વાદના કારણે - દર્દી પીડા સાથે હોસ્પિટલોમાં આવે છે. અને પીડાના નિવારણથી પ્રસન્નતા સાથે ઘરે જાય છે.

માનવ મનમાં જે લાગણીઓ પ્રગટે છે એમાંથી એક એટલે કરુણાની લાગણી - બીજાના દુઃખમાં સહભાગી થવાની લાગણી, એ લાગણી પ્રેરે છે સેવાકીય કાર્યોમાં સમર્પિત થવા માટે, કૌશલ્ય દ્વારા, વ્યવસ્થા શક્તિ દ્વારા, સખાવત દ્વારા, સમય આપીને, એમ અનેક પ્રકારે એ લાગણી આપણને શુભ અને સેવાના કાર્યોમાં જોડે છે.

સ્વાભાવિક છે કે શરીર છે - તો એના અનેક રોગો છે. આ રોગોની સારવારમાંથી થતી જાય છે, એવા સમયે સેવાભાવી ટ્રસ્ટો દ્વારા ચાલતી હોસ્પિટલો સમાજમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન પ્રદાન કરી રહી છે. આવી હોસ્પિટલોમાં થતી સેવાની પ્રવૃત્તિ જયાં અને જયારે થાય ત્યાં અને ત્યારે કરુણાના દીવડા પ્રગટે છે અને સેવાના અજવાળાં રેલાય છે.

બોર્ડની પરીક્ષા આપતા સંતાનનો માતા-પિતાને પત્ર

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

પૂજ્ય મમ્મી-પપ્પા,

અત્યારે મારું ભણવાનું જોર-શોરમાં ચાલી રહ્યું છે,અને વાંચતા-વાંચતા થોડો આરામ મળે તે માટે આ પત્ર લખું છું. એટલે વળી પાછા ખીજાતા નહીં કે કેમ સમય ભગાડે છે! ફિઝિક્સ,કેમેસ્ટ્રી અને બાયોલોજી તો પૂરા થઈ ગયા છે, ગણિતની બહુ ચિન્તા નથી. અત્યારે આખું વરસ જે વિષયને અડ્યો નથી તેવા ઈંગ્લિશ અને સંસ્કૃત વાંચી રહ્યો છું.

આજે હવે જ્યારે બોર્ડની પરીક્ષાને બે દિવસની વાર છે ત્યારે મને વિચાર આવે છે વિતેલા વર્ષના. બોર્ડ,બોર્ડ...ત્રાસી ગયા અમે તો આ શબ્દ સાંભળી સાંભળીને આ બોર્ડની પરીક્ષા આવતા પહેલાં તો આખા વર્ષ દરમિયાન કેટ-કેટલી પરીક્ષાઓમાંથી પસાર થવું પડ્યું છે..મારે અને તમારે આપણે બંનેએ! ૧૧માં ધોરણનું દિવાળી વેકેશન પુરું થયું કે તરત જ ૧૨માં ધોરણના ટ્યૂશન માટે આપણે કેવી દોડા-દોડી ચાલુ કરી દીધી હતી! ફિઝીક્સ અને બાયોલોજીના ટ્યૂશનમાં માટે તો બહુ તકલીફ ન પડી પરન્તુ કેમેસ્ટ્રીની તો બધી બેચ ભરાઈ ગઈ હતી અને આપણે આખા શહેરમાં દોડા-દોડી કર્યા પછી માંડ માંડ મેળ પડ્યો હતો.

મમ્મી આજ સુધી મેં તમને કહ્યું નથી પરંતુ ૧૧મા પછી આત્યાર સુધી જાણે રંગૂનમાં કોઈ કાળા-પાણીની સજા ગાળતો હોઉ તેમ લાગ્યા કર્યું છે. આ બે વર્ષ દરમિયાન આવતો એક પણ તહેવાર મેં મન દઈને ઉજવ્યો નથી, અરે! મારા પ્રિય તહેવાર ઉત્તરાયણમાં પણ મેં ફક્ત સમ ખાવા પૂરતાં જ પતંગ ચગાવ્યા હતા.

આખા વરસમાં મેં એક પણ પિક્ચર જોયું નથી,કે નથી મિત્રો સાથે ફરવા ગયો.મારી પ્રિય રમત ક્રિકેટને પણ ભૂલી ગયો છું. બોર્ડ તો જાણે કોઈ સિંહની બોડમાં ધકેલાતા હોઈએ તેમ પહેલેથી જ ડરાવવામાં આવ્યો છે. ૧ થી ૯ ધોરણ તો ક્યાં વીતી ગયા તેની ખબર જ નથી,પરન્તુ કોણ જાણે આ બોર્ડ ગુંદરની જેમ ચોંટી ગયું છે, આગળ જ ખસતું નથી. એક વર્ષ તો જાણે યુગો જેવું લાગે છે. ચાર જણ વચ્ચે હોઈએ તો કેન્દ્રમાં અમે જ હોઈએ છીએ, 'ભાઈ બરાબર વાંચજે!'' ''આટલું વરસ વાંચવાનું છે''.કોઈ પ્રસંગમાં ભૂલે ચૂકે ગયાં તો સલાહ સૂચનોનો મારો ચાલુ. ગણિતના દાખલા કરતાં તો આવા બધા સલાહોના મારાથી અમે ગૂંચવાઈ જઈએ છીએ.

આ સમય દરમિયાન તમે પણ ઘણું બધું બલિદાન આપ્યું છે.એક પણ સગાના લગ્ન કે બીજા પ્રસંગોમાં તમે હાજરૂ પુરાવી નથી, આપણા દરેક પરિચિત આગળ તમને એવું કહેતા સાંભળ્યા છે કે 'ભાઈ આ વર્ષે તો કાંઈ જ નહીં થાય,ક્યાય નહીં જઈ શકાય,મારો બાબો બોર્ડમાં છે.' એટલું જ નહીં તમારા આવા જ વલણના કારણે આપણા ઘરે અમસ્તા બેસવા કે મળવા માટે પણ એકેય સંબંધી આવ્યા નથી, મારી માટે આટલો વિચાર તમે કરો છો,તેમા તમારો પ્રેમ જ છે, પરંતુ ભાર તો મને આ બધી બાબતોથી જ વધારે લાગે છે. હદથી વધારે જ્યારે અપેક્ષાઓનો બોજો વધી જાય છે ત્યારે મારા જેવા અનેક સંતાન અકથ્ય મૂઝવણ અનુભવે છે.

પપ્પા તમે ટ્યૂશન માટે મસમોટી રકમ ભરી છે, મમ્મી તમે તમારા મહિલા મંડળ અને બીજી પ્રવૃત્તિઓમાં સતત ગયા છો, અને પાછા દરેક વખતે મારી પરીક્ષાનું બહાનું બતાવીને વ્યવહારિક જવાબદારીઓથી છટકતાં રહ્યાં છો.

મને પ્રશ્ન એ થાય છે કે પપ્પાની ફરજ શું ટ્યૂશન ફી ભરી દીધાથી પૂરી થઈ જાય છે? રાત્રે બે વાગ્યે જયારે હું પેલા બધા કાળમુખા વિષયો સાથે બાહુયુદ્ધ કરતો હોઉં ત્યારે અચાનક આવીને માથે હાથ ફેરવીને કેમ છે બેટા ! હવે સૂઈ જા ! કહીને મને કેમ કયારેય સુખદ આશ્ચર્યમાં નથી નાંખ્યો ?

અને મમ્મી તમે વધારે પડતી મારી ચિંતા કરો છો, મને તેની ચિંતા થાય છે, બેટા દૂધ પી લે, જો જે ધ્યાનથી વાહન ચલાવજે, બોર્ડનું વરસ છે! (એટલે બીજું વર્ષ હોય તો ચાલે?) ૮૫ ટકા તો જોઈએ જ! રમીલાબેનના નીરજને ગયા વરસે ૮૫ ટકાએ નિરમામાં આઈટીમાં મળી ગયું હતું. આપણે ત્યાં જ જવું છે. મમ્મી આ સરખામણી જ મને જોશ ચડાવવાને બદલે નબળો પાડે છે. જાણેઅજાણે તમે જ તમારા સંતાનને માનસિક તાણ તરફ દોરી જાવ છો.

હું એમ કહું છું કે બીજા ધોરણોની જેમ સામાન્ય રીતે આ ધોરણો પણ પસાર કરાવવામાં આવ્યા હોત તો પરીક્ષાના પરિણામ પછી આટલા બધા આત્મહત્યાના કિસ્સા બને છે તે ન બનત, તમારી આકાંક્ષાઓ અને પરીક્ષાઓના બોજ તળે અને અમારી ઈચ્છાઓ વિસરી ચૂક્યા છીએ, અને 'પરીક્ષા સમયે સફળ થવાના સોનેરી સૂચનો, અને પરીક્ષા કેવી રીતે આપશો' ની સૂફિયાણી સલાહ આપતા વિદ્વાનોને મારે જણાવવાનું કે તમારી આ શિખામણ, અમને માર્ગદર્શન આપવાના બદલે માનસિક દબાણ બક્ષે છે.

મમ્મી-પપ્પા રખેને માનતા કે આ પત્ર દ્વારા હું તમને બે વેણ સંભાળવા માગું છું. હું જાણું છું કે, આ બધામાં તમારો પ્રેમ જ છે, પણ હું તમારી પાસેઓથી એટલી જ અપેક્ષા રાખું છું કે આ પ્રેમની રીત જરા બદલો. આ પત્ર લખવાથી તો હું હવે હળવાશ અનુભવું છું. મારી આંતરવ્યથા તમને જણાવી દેવાથી હવે હું પણ સ્વસ્થ અને શાંત ચિત્તે પરીક્ષા આપી શકીશ.

તમે મારી પરીક્ષા અને તેના પરિણામથી સહેજે ચિંતા કરતા નહીં, હું આખા વર્ષનો તમારો અને મારો પરિશ્રમ એળે નહીં જવા દઉં. મેં પૂરતી તૈયારી કરી જ છે, પછી ભલે વાગતા યુદ્ધના નગારા, હું લડત આપવા તૈયાર છું.

આપનો આજ્ઞાંક્તિ
બાળક

- jayuoza@gmail.com, Mo.9898046488

નજર સામે ખુશીના અવસરોનો ઢગલો છે મોજથી એમાં ધુબકો મારો

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

હોળીનો રંગોત્સવ એટલે મળવાનો, હસવાનો, નાચવાનો, ગાવાનો અવસર. એકધારી જિંદગીમાં આવતા આ કલરફુલ આનંદોત્સવને દિલથી માણવો પડે. રોજ સાંજે ઢળતો સૂરજ જીવનનો એક અણમોલ દિવસ ઓછો થવાનો સંદેશ આપતો જાય છે. સાથે સાથે એ પણ કહેતો જાય છે કે, 'આજના દિવસમાં કેટલો આનંદ કર્યો અને કેટલુ હસ્યા, કેટલા ખુશ રહ્યા એ જાણો છો ?' જીવનની ઘટમાળમાં ખુશ રહેવા માટે પ્રયાસ કરવો પડે એ વાતમાં દમ નથી. ખુશીના અવસરોનો ઢગલો નજર સામે જ હોય છે. જરૂર છે આ ઢગલામાં મુઠ્ઠીઓ વાળીને મોજથી ધુબકો મારવાની. જો તમે એ જ કર્યા કરો છો જે રોજ કરતા આવ્યા છો તો એ જ મળશે જે રોજ મળે છે. પરંતુ જો કંઈક અલગ વિચારીને જુદુ જ કરો તો એનો આનંદ જુદો હશે. તહેવારો કંઈક જુદુ કરવાનો મોકો આપે છે. આપણી સંસ્કૃતિ અને સંસ્કારો સાથે તહેવારો વણાઈ ગયા છે. એકધારી રૂટીન જિંદગીમાં તહેવાર નોખી ભાત પાડે છે. તહેવારો ખુશી અને આનંદના કમાડ ખોલી આપે છે.

એક ભાઈ એમની સાથે નોકરી કરતાં મિત્રને કહે કે, 'સવારે ઊઠો, નિત્યક્રમ પતાવો, ઓફિસ જાવ, રૂટીન કામ કરો, સાંજે ઘરે આવો અને સુઈ જાવ. કોઈ મોજ નથી. જબરો કંટાળો આવે છે જીવનમાં.' જ્યારે એનો મિત્ર કહે, 'દોસ્ત, હું તો મસ્તીથી જીવું છું. રોજ નવી વાત સાથે નવો આનંદ લઉ છું. આજે હોળી છે તને તો ખબર જ છે કે, ઓફિસમાં સાથીઓ સાથે હું રંગે રમ્યો અને બધા સાથે મળીને બધા ખૂબ હસ્યા, નાચ્યા. દરેક તહેવારોને હું મસ્તીથી ઉજવું છું. ભારે મોજ કરું છું.' સાથે નોકરી કરતા બે મિત્રોનો જીવન જીવવાનો નજરીયો જુદો છે. બન્નેની માનસિકતા અલગ છે, એક આનંદ કરે છે બીજો સમજના અભાવે સોરવય છે.

તહેવારોમાં મુક્ત મને મળવાનો અને નાના બની હસવાનો આનંદ અનેરો હોય છે. બાળકની જેમ થનગનવાનો, નાચવાનો, ગાવાનો અવસર એટલે ફેસ્ટીવલ. તમામ દુઃખોનો અકસીર ઈલાજ બિન્દાસ્ત હસવામાં છે. કોના જીવનમાં ટેન્શન નથી ? સારું અને ખોટું, ઊંચું અને નીચું વગેરે પેરામીટર્સ તો વ્યક્તિ જાતે જ નક્કી કરીને દુઃખને સામે ચાલીને ઈન્વિટેશન આપતો હોય છે. મોટપણ, સત્તા, પૈસાનો બોજો લઈને ફરનારા હંમેશા એ ભારમાં જ ડૂબી જતા હોય છે. હસતા, ખેલતા, નાચતા, કુદતા હળવાફુલ લોકો સદાય મોજથી તરવાનો આનંદ કરતાં હોય છે. કંઈ નહીં તો એકવાર ખુશખુશાલ હોવાનું નાટક તો કરો. ધીમે ધીમે એની આદત બનશે અને પછી એ ચરિત્ર બની જશે. ફૂલોને ખબર છે કે એમનું આયુષ્ય બે-ત્રણ દિવસથી વધુ નથી છતાં ફુલને ક્યારેય ગમગીન જોયું છે ખરું ?

મહા અને ફાગણ મહિનામાં શુકલ પક્ષની પાંચમથી ઋતુઓના રાજા વસંતની દમામભેર એન્ટ્રી થાય છે. ફાગણ મહિનાની શરૂઆતથી પ્રકૃતિનું સૌંદર્ય નિખરી ઊઠે છે. વૃક્ષો સુકાયેલા પાનને અલવિદા કરીને નવા મનમોહક રંગબેરંગી ફૂલો અને પાંદડાથી નૃત્ય કરે છે. ઘઉં અને જઉમાં પોહ ફાટે છે. ભમરાઓના ગુંજન અને કોયલના ટહુકાઓથી વાતાવરણમાં સુમધુર સંગીત રેલાય છે. વસંતપંચમીના દિવસે પહેલ વહેલા હવામાં ગુલાલ ઉડાડી આનંદની છડી પોકારવામાં આવતી હોય છે. ભારત અને નેપાળમાં હોળ-ધુળેટીનો તહેવાર રંગેચંગે ઉજવવામાં આવે છે. અબીલ-ગુલાલ એકબીજા ઉપર ઉડાડી શત્રુને પણ મિત્ર બનાવવાના થનગનાટથી છલકાતો આ તહેવાર બે દિવસ ઉજવાય છે. હોળીનો તહેવાર રાગ અને રંગ સાથે વસંતના આગમનનો અણસાર આપે છે. રાગ એટલે સંગીત અને રંગ એટલે આનંદનો ઈઝહાર. અબાલ વૃધ્ધ સૌ કોઈ ઢોલક, મંજીરા, પોપ-ઝાંઝ વગેરે મ્યુઝિક સાથે નૃત્ય અને સંગીતના સથવારે મોજ મનાવે છે.

ઈતિહાસકારોના મંતવ્યો અનુસાર પૌરાણિક સમયમાં આર્યો હોળીનો તહેવાર ખુબ આનંદથી ઉજવતા. જૈમિનીના પૂર્વ મીમાંસા-સૂત્ર અને કથા ગાર્હ્ય-સૂત્રમાં આ અંગેનો આધાર જોવા મળે છે. નારદ પુરાણ, ભવિષ્ય પુરાણ તથા હસ્ત લિખિત ગ્રંથોમાં હોળીના તહેવારના ઉલ્લેખો જોવા મળે છે. વિંધ્યાચળ ક્ષેત્રના રામગઢમાં ઈસવીસન પૂર્વે ૩૦૦ વર્ષ પુરાણા એક શિલાલેખ ઉપર વસંતોત્સવનું વર્ણન છે. સુપ્રસિદ્ધ મુસલિમ પર્યટક અલ બરૂનીએ એના ઐતિહાસિક યાત્રાવર્ણનમાં 'હોલીકોત્સવ' વિષે લખ્યું છે. મોગલકાળમાં હોળીનો ઉત્સવ ઉજવાતો હોવાના આધારભુત પ્રમાણો છે. અકબર અને જોધાબાઈ, જહાંગીર અને નુરજહાં હોળી રમતા હોવાના આધારો ઉપલબ્ધ છે. અલવરના એક સંગ્રહાલયમાં જહાંગીરને હોળી રમતા બતાવાયા છે. શાહજહાંના સમયમાં મુગલિયા હોળી રમવાના અંદાજમાં બદલાવ આવ્યો. એ વખતમાં હોળીનો તહેવાર ઈદ-એ-ગુલાબી કે અબ-એ-પાશિના નામથી ઓળખાતો. બહાદુર શાહ ઝફરને એના મંત્રીઓ રંગ લગાવી ઉત્સવ ઉજવતા હોવાના ઉલ્લેખો મળે છે. વૃંદાવનની કૃષ્ણ-રાધાની હોળી વિશે મધ્યકાલીન ભારતીય મંદિરોમાં ભિંતચિત્રો અને આકૃતિઓ બોલતા પુરાવા છે. વ્રજની હોળી, બરસાનેની લઠ્ઠમાર હોળી, મથુરા-વૃંદાવનની સૌથી લાંબી હોળી, હરીયાણાની ઘુલંડી, બંગાળની ઘેલ યાત્રા, મહરાષ્ટ્રની રંગપંચમી, તામિલનાડુની કમન પોડિગઈ, મણિપુરની યાઓસંગ પ્રચલિત છે.

સાહિત્ય જગતમાં પણ હોળીના રંગને સાહિત્યકારોએ બખુબી વર્ણવ્યો છે. સંસ્કૃત સાહિત્યમાં હોળીના વિવિધ રંગોનું વિસ્તૃત વર્ણન છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં સમૂહ રાસનું અદભુત આલેખન છે. હર્ષની પ્રિયદર્શિકા અને રત્નાવલી, કાલીદાસના કુમારસંભવમ્, માલવિકાગ્નિમિત્ર અને ઋતુસંહારમાં વસંતોત્સવ પુરબહાર ખિલ્યો છે. ભારવી, માઘ, ચંદ, વરદાઈ, બરદઈ, રહીમ, રસખાન, મીરાબાઈ, કબીર, બિહારી, કેશવ વગેરેની કલમે હોળીને શબ્દે કંડારી છે. મહાકવિ સુરદસે વસંતોત્સવ અને હોળી ઉપર ૭૮ પદ રચ્યા છે. પદ્માકરજીએ તેમની રચનાઓમાં હોળીનું અદભુત નિરૂપણ કર્યુ છે. આધુનિક કવિઓ તેજેન્દ્ર શર્મા, પ્રેમાનંદ, ઓમ પ્રકાશ અવસ્થી વગેરેએ વસંતના રંગને અદભુત રીતે આલેખ્યો છે. બોલિવુડે ફિલ્મોમાં રંગોત્સવને કચકડે મઢીને પ્રસ્તુત કરવામાં કોઈ કસર છોડી નથી. નવરંગ, ઉત્સવ, સિલસિલા, જનક જનક પાયલ બાજે વગેરે ફિલ્મોમાં હોળી ઉત્સવનું અમર ચિત્રાંકન ચિરકાલીન યાદ રહે એવું છે. શાસ્ત્રીય સંગીતમાં ઘમાર, ધ્રુપદ, ઠુમરી, નાના-મોટા ખયાલ રાગમાં હોળીના સૌંદર્યનું માધુર્ય જોવા મળે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ હોળીનું મહત્વ અનેરું છે. ઠંડીની મોસમનો બદલાવ અને બેવડી ઋતુઓના કારણે શરીરમાં આવેલી શિથિલતા અને ગીડીનેસને અબિલ, ગુલાલ અને સગીત દ્વારા શરીરનું આયર્ન મંડળ મજબૂત થાય છે. હોળીદહનના કારણે આસપાસના વાતાવરણના બેકટેરીયા નાશ પામે છે. કેટલાક વૈજ્ઞાનિકોના મત અનુસાર રંગોને કારણે સ્વાસ્થ્ય ઉપર સકારત્મક અસરો પેદા થતી હોય છે.

હોળીના તહેવારમાં મોજ કરવાના અમુલ્ય અવસરને કેટલાક લોકો અર્થ વગર ટાળતા જોવા મળતા હોય છે. વાતે વાતે રંગ બદલતા લોકો ધુળેટીમાં એમ કહે છે કે 'મને રંગોની એલર્જી છે.' વાસ્તવમાં આવા લોકોને ખુશીઓ અને આનંદની એલર્જી હોય છે. હોળીના રંગોની 'એલર્જી' ન હોય એની 'એનર્જી' હોય. વસંતોત્સવ ખુશીનો ખજાનો ખોલે છે. ખુબસુરતીમાં ખુશી નથી કે પછી કોઈ સુંદર લાગે એમાં ખુશી નથી. ખુશ રહેનારા લોકો ખુબસુરત હોય છે. ખુશ થઈને કામ કરનારા લોકોના કદમોમાં ખુશી અને સફળતા સામે ચાલીને આળોટતી હોય છે. ખુશી તો હૃદયમાં રહેલું ખળખળ વહેતુ ઝરણું છે. ખુશી બહારથી શોધવાની વસ્તુ છે જ નહીં. જે બહારનો અવાજ સાંભળીને જીવતો હોય એ ટુકડાઓમાં